**– : આંક :–૧ તળે હુકમ :–**

**૧.** નેશનલ લોક અદાલતના સ્પે.સીટીંગ સંદર્ભે આ કેસનો અભ્યાસ કરવામાં આવતાં જણાઈ આવેલ છે કે આ કામે આરોપી ઉપર પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) અન્વયેના ગુન્હાનો આક્ષેપ છે. આ કામે ચાર્જશીટ સાથે રજુ કરાયેલા પેપર્સનો અભ્યાસ કરતા જણાઈ આવેલ છે કે આ કામે માત્ર એ ફોર્મ રજુ કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદાર દવારા ફોર્મ–સી એટલે કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી.

**૨.** અત્રેની અદાલત દવારા પ્રોહિબિશન એકટની કલમ ૬૬( ૧) બી ની જોગવાઈ લક્ષમાં લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(1) Whoever in contravention of the provisions of this Act, or of any rule regulation or order made, or of any licence, permit, pass or authorization issued, thereunder –
(b) consumes, uses, possesses or transports any intoxicant other than opium or hemp,
(c)...........
(d)...........
(e)...........

(2) Subject to the provisions of sub-section (3), where in any trial of an offence under clause (b) of sub-section (1) for the consumption of an intoxicant or in any trial of an offence under clause (e) of sub-section (1) for entry in the territory of the State after consumption of an intoxicant or hemp at any place outside the State, **it is alleged that the accused person consumed liquor, and it is proved that the concentration of alcohol in the blood of the accused person is not less than 0.05 per cent. weight in volume,** then the burden of proving that the liquor consumed was a medicinal preparation consumed in quantity not in excess of normal dose as defined in section 24-1A or that the liquor consumed was a toilet preparation or an antiseptic preparation or solution, or a flavouring extract essence or syrup, containing alcohol, the consumption of which is not in contravention of the Act or any rules, regulations or orders made there under, shall be upon the accused person, and the Court shall in the absence of such proof presume the contrary.

આમ, આરોપી ઉપર પુરાવાનો બોજો શિફ્ટ થાય તે માટે આરોપીના લોહીમાં ૦.૦૫ % કરતાં વધુ આલ્કોહોલ હોવાનું રેકર્ડ ઉપર આવવું જરૂરી છે.

પ્રોહીબીશન એકટની કલમ–૧૨૯ (એ) ની જોગવાઈ ધ્યાનમાં લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**Power to require persons to submit to medical examination, etc.**

129 A. (1) Where in the investigation of any offence under this Act, anyProhibition Officer duly empowered in this behalf by the State Government, or any Police Officer, has reasonable ground for believing that a person has consumed an intoxicant and that for the purpose of establishing that he has consumed an intoxicant or for the procuring of evidence thereof, it is necessary that his body be medically examined, or that his blood be collected for being tested for determining the percentage of alcohol therein, such Prohibition Officer or Police

Officer may produce such person before a registered medical practitioner (authorised by general or special order by the State Government in this behalf) for the purpose of such medical examination or collection of blood, and request such registered medical practitioner or furnish a certificate on his finding whether such person has consumed any intoxicant, and to forward the blood collected by him for test to the Chemical Examiner or Assistant Chemical Examiner to Government, or to such other officer as the State Government may appoint in this behalf.
(2) The registered medical practitioner before whom such parson has been produced shall examine such person and collect and forward in the manner prescribed the blood of such person, and furnish to the officer by whom such person has been produced, a certificate in the prescribed form containing the result of his examination. The Chemical Examiner or Assistant Chemical Examiner to Government, or other officer appointed under subsection (1), shall certify the result of the test of the blood forwarded to him, stating therein, in the prescribed form, the percentage of alcohol, and such other particulars as may be necessary or relevant.
(3) If any person offers resistance to his production before a registered medical practitioner under subsection (1) or on his production before such practitioner to the examination of his body or to the collection of his blood, it shall be lawful to use all means reasonably necessary to secure the production of such person or the examination of his body or the collection of blood necessary for the test.
(4) If the person produced is a female, such examination shall be carried out by, and the blood shall be collected by or under the supervision of a female registered medical practitioner authorised by general or special order, by the State Government in this behalf, and any examination of the body, or collection of blood of such female shall be carried out or made with strict regard to decency.
(5) Resistance to production before a registered medical practitioner as aforesaid, or to the examination of the body under this section, or to the collection of blood as aforesaid, shall be deemed to be an offence under section186 of the Indian Penal Code.
(6) Any expenditure incurred for the purpose of enforcing the provisions of this section including any fees payable to a registered medical practitioner or the Officer appointed under subsection (1) shall be defrayed out of moneys provided by the State Legislature.
(7) If any Prohibition Officer or Police Officer vexatiously and unreasonably proceeds under subsection (1), he shall, on conviction, be punished with fine which may extend to five hundred rupees.
**(8) Nothing in this section shall preclude the fact that the person accused of an offence has consumed an intoxicant from being proved otherwise than in accordance with the provisions of this section.**

**3.** જો આરોપીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ % થી વધારે મળી આવેલાનું રેકર્ડ ઉપર આવે તો જ આરોપીએ આક્ષેપિત ગુન્હો કરેલાનું ગણી શકાય છે અને તોજ બર્ડન ઓફ પ્રુફ આરોપી ઉપર શિફ્ટ થાય અન્યથા નહી. હાલના કામે જે તપાસ કરનારે જે એફ.એસ.એલ.ના રીપોર્ટ વગર ચાર્જશીટ કરેલ છે તે પ્રિમેચ્યોર ગણી શકાય તે રીતનું દાખલ કરેલ છે. જે સંજોગોમાં આરોપીએ હકીકતમાં દારૂનું સેવન કરેલ હતું અને તેના લોહીમાં આલ્કોહોલનું નિયત માત્રા કરતા વધુ પ્રમાણ મળી આવેલ હતું તેવું રેકર્ડ ઉપર આવતું નથી.

પ્રોહીબીશન એકટની કલમ–૧ ૨૯એ (૮) જોવામાં આવે તો આરોપીએ કેફી પીણું પીધેલ છે તેવી બાબત આ કલમમાં જણાવ્યા સિવાયની રીતે પણ પુરવાર કરી શકાશે એમ જણાવવામાં આવેલ છે. **પરંતુ અત્રેની કોર્ટના નમ્ર મત મુજબ પ્રોહીબિશન એકટની કલમ–૬૬(૨) ની જોગવાઈ જોતા કેફી પીણાનો ગુન્હો બનવા માટે આરોપીના લોહીમાં ૦.૦૫ % કરતાં વધુ આલ્કોહોલનું પ્રમાણ હોવું એ કેફી પીણું પીવાનો ગુન્હો બનવા માટેની આવશ્યક પુર્વશરત છે. કોઈપણ કોર્ટ કાયદાકીય જોગવાઈનું એવું અર્થઘટન કરી શકે નહીં કે જેથી કરીને કોઈ જોગવાઈનો હાર્દ માર્યો જાય.એ વાત પણ ચોકકસ છે કે કલમ–૧૨૯ (એ)(૮) મુજબ તે કલમમાં જણાવ્યા સિવાયની વિગતે પણ કેફી પીણું પીવાનો ગુન્હો પુરવાર કરી શકાય છે. પરંતુ આરોપીના લોહીમાં ૦.૦૫ ટકા થી વધુ આલ્કોહોલ છે એવું નકકી કરવા માટે કાયદામાં અન્ય કોઈ રીત કે પધ્ધતિ દર્શાવેલ નથી જે પરીસ્થિતીને કાયદાની ભાષામાં '' CASUS OMISSUS'' ગણી શકાય છે.** વધુમાં, આરોપીના લોહીમાં ૦.૦૫ ટકા થી વધુ આલ્કોહોલ છે એવું નકકી કરવા માટે અત્રેની અદાલત પાસે કોઈ બીજી ફોર્મ્યુલા પણ ઉપલબ્ધ નથી.હા જો જે વખતે આરોપીને અટક કરેલો એ વખતે જો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરાવ્યો હોત તો તેના પરીણામને આધીન રહીને પણ કદાચ બીજી રીતે ગુન્હો પુરવાર કરવાની કોશિષ કરી શકયા હોત. પરંતુ હવે ફરીયાદ પક્ષ પાસે આ ઓપ્શન પણ રહેલ નથી. જો દારૂ પીવાના ગુન્હા સંબધે એફ.એસ.એલ.સર્ટી.ની જો આવશ્યકતા ન હોત તો કાયદામાં તે અંગેની જોગવાઈ જ કરવામાં આવેલ જ ન હોત. આ સંજોગોમાં આ કામે આરોપી સામે જો ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવે તો પણ આરોપીના લોહીમાં ૦.૦૫ % આલ્કોહોલ મળ્યાની બાબત નિર્ધારીત કરવા માટેની અન્ય પધ્ધિતિ ના હોઈ પ્રોહિબિશન એકટની કલમ ૬૬(૧) (બી) સંદર્ભે હાલના કેસનો અંત આરોપીની સજામાં પરિણમે શકે તેવું જણાતું નથી. જેથી માત્ર ઈન્સાફી કાર્યવાહી કરવાનો પ્રયત્ન કરવા કરતાં હાલના સંજોગોમાં અત્રેની અદાલતને પ્રોહિબિશન એકટની કલમ ૬૬(૧) (બી)ના ગુન્હા સંદર્ભે આ કેસની કાર્યવાહી અટકાવી દેવાનું/પડતી મુકવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે.

**૪.** આ કામના આરોપી સામે ૮૫(૧) મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. જે અંગે ચર્ચા કરવામાં આવે તો પહેલા અત્રેની અદાલતને ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટ – ૨૦૧૭ ની કલમ ૮૫–૧ ના જે સુધારો થયેલ છે તે મુજબ ગુન્હા બનવા માટેના આવશ્યક તત્વોની ચર્ચા કરવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે.

(૧) જે કોઈ વ્યકિત, જેમાં લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં **છાકટો બનેલ હોય અને ઉપદ્રવ કરતો હોય,** કોઈ વ્યકિત સાથે ઝગડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ઠ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેર વર્તણુંક કરતો હોય અથવા અશ્લીલ ચેન ચાળા કરતો હોય, તેને દોષિત ઠર્યેથી **ત્રણ વર્ષ સુધીની, પરતું એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની સજા તથા દંડની શિક્ષા થશે.**

આમ, આ ગુન્હો બનવા માટે માત્ર છાકટો બનેલાનું પુરતુ નથી. છાકટો બનવા ઉપરાંત ઉપદ્રવ કરવો, કોઈની સાથે ઝગડો કરવો, અપશબ્દવાળી અથવા અશિષ્ઠ ભાષાનો ઉપયોગ કરવો, સ્ત્રી સાથે ગેર વર્તણુંક કરવી, બીજા સાથે મારામારી કરવી, અશ્લીલ ચેન ચાળા કરવાનું કૃત્ય આ ગુન્હાની જોગવાઈ આકર્ષાવા માટેના આવશ્યક તત્વો છે. હાલના કિસ્સામાં આરોપીએ છાકટો બનવા ઉપરાંત ઉપદ્રવ કરેલ હોય કે પછી ઝગડો કરેલ હોય કે પછી અપશબ્દ બોલેલ હોય કે પછી સ્ત્રી સાથે ગેર વર્તણુંક કરેલાનું કે બીજા સાથે મારામારી કરેલાનું કે અશ્લીલ ચેનચાળા કરેલાનું ફલિત થતું નથી. જેથી હાલના કિસ્સામાં કલમ ૮૫ (૧) ની જોગવાઈના આવશ્યક તત્વોનો અભાવ હોઈ તે કલમ આકર્ષાતી ન હોય તે કલમ મુજબનો ગુન્હો બનતો હોવાનું માની શકાય તેમ નથી અને આરોપી સામે ગુનો પુરવાર થવા માટે ઘટકોનો સ્પષ્ટ અભાવ આ કેસમાં તરી આવે છે.

**૫.** આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબની વિગતે આરોપી સામે કલમ ૮૫(૧) નો ચાર્જ ફ્રેમ કરી શકાય એવા કોઈ પુરાવા નથી અને પ્રોહીબિશન એકટ ની કલમ ૬૬(૧) (બી) મુજબના ગુન્હા સબંધેની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય એમ નથી. જેથી માત્ર ઈન્સાફી કાર્યવાહી કરવાનો પ્રયત્ન કરવા કરતાં હાલના સંજોગોમાં અત્રેની અદાલતને આ કેસની કાર્યવાહી અટકાવી દેવાનું /પડતી મુકવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે. ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ ૮૫ માં સને : ૨૦૧૭ ના સુધારાથી સજાનું પ્રમાણ વધારવામાં આવેલ છે જે જોતા કેસ ચાલે તો સદરહું ચાર્જશીટમાં દર્શાવેલ ગુન્હા અંગે વોરંટ ટ્રાયેબલ કેસની કાર્યવાહી અનુસરવી પડે. વોરંટ ટ્રાયેબલ કેસોમાં કાર્યવાહી સ્ટોપ કરવાની કે પડતી મુકવા અંગેની કોઈ ચોકકસ જોગવાઈ કરવામાં આવેલ નથી. અત્રેની અદાલતને ધ્યાને છે કે નામદાર સુપ્રિમ કોર્ટની ડિવિઝન બેંચે ૨૦૦૬ (૩) જી.એલ.આર. ૨૦૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ક્રિમીનલ અપીલ ન. ૪૨૦ ઓફ ૨૦૦૬ અન્વયેના મીનુ કુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસમાં ઠરાવેલ છે કે….

All courts, whether civil or criminal possess, in the absence of any express provision, as inherent in their constitution, all such powers as are necessary to do the right and to undo a wrong in course of administration of justice on the principle "quando lex aliquid alicui concedit, concedere videtur et id sine quo res ipsae esse non potest" (when the law gives a person anything it gives him that without which it cannot exist).

આમ, ઉપરોકત ચુકાદો લક્ષમાં લેતા કોર્ટને ખરૂ કરવા માટે અને ખોટું થતું અટકાવવા માટે અંર્તગત સતા રહેલ છે. જેથી ન્યાયના હિતમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

૧. હાલના કેસની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાંથી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું હુકમ આજરોજ તારીખ : ૧૨, માહે : નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતના સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
રાજકોટ

**(રાજા રણછોડભાઈ પટેલ)**
GJ-00922
સાતમાં અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ